જા.નં.મા-૩/ખાલી/જગ્યા/માહિતી/૨૦૧૯/ ૧૦૪૩૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવાસદન-૨,એ/૩ જો માળ
અઠવાલાઇન્સ,સુરત
તા ૧૬/૦૮/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓ તરફ

વિષય : બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળામાં તા.૧૬.૦૮.૨૦૧૯ની સ્થિતીએ ખાલી પડેલ જગ્યાની માહિતી રજૂ કરવા બાબત.

સંદર્ભ:- (૧) સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાક: પવસ /૧૦૨૦૧૯ /૨૨૩/ગ-૪ તા.૨૫.૬.૨૦૧૯

(૨) સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક) ગાંધીનગરના પત્ર ક્રમાક: ઘ /માધ્ય /અનદ-૧/૨૦૧૯/૨૧૪૮૦-૫૧૭ તા.૨૯.૦૭.૨૦૧૯

(૩) સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક) ગાંધીનગરના પત્ર ક્રમાક:અનદ-૧ ઘ/માધ્ય/૨૦૧૯/૨૩૧૧૦-૪૪ તા.૦૯.૦૮.૨૦૧૯

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લાની નોંધાયેલ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સંદર્ભ-૧ ની જોગવાઇ મુજબ સીઘી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦% અનામતની જોગવાઇ અન્વયે નમુનારૂપ નવા રોસ્ટર ક્રમાક મુજબ નિયત કરવામાં આવેલ છે.

વઘુમાં આ રોસ્ટર ક્રમાકને ઘ્યાને લઇ તા.૧૬.૮.૨૦૧૯ ની સ્થિતીએ નવા રોસ્ટરની જોગાવઇ અન્વયે નવા રોસ્ટર પોઇન્ટ ઘ્યાને રાખી તેમજ સંદર્ભ-૩ માં જણાવેલ પત્ર મુજબ શાળામાં માઘ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાંતા.૧૬.૮.૨૦૧૯ ની સ્થિતીએ ખાલી જગ્યાની માહિતી આ સાથે નિયત કરેલ પત્રક (અ-બ-ક,) માં **તા.૨૦.૮.૨૦૧૯** ના રોજ રોસ્ટર રજીસ્ટર કેમ્પમાં જ શાળામાં માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની ખાલી જગ્યાની વિષયવાર માહિતી લાવવાની રહેશે.જે દરખાસ્તની ચકાસણી કચેરીના શિ.નિ.શ્રી /મ.શિ.નિ. પાસે શાળાના વર્કલોર્ડની કરાવી ખાલી જગ્યાની માહિતી તેજ દિવસે આપવાની રહેશે. **જેથી ગાંધીનગર ખાતે રોસ્ટર પ્રમાણિત કરવા જતા સદર માહિતી રજૂ કરવાની હોય સમય મર્યાદામાં આપવાની રહેશે.**

**સુચના:-**

- માધ્યમિક શાળામાં આચાર્યની જગ્યા ખાલી છે. તેવી શાળાએ આચાર્યની જગ્યા ખાલી રાખી શિ.સહાયકની માહિતી આપવાની રહેશે. આ માહિતીમાં આચાર્યની જગ્યા દર્શાવવાની રહેતી નથી.
- શાળામાં વર્ગ મુજબ (શહેરી વિસ્તાર માટે ૬૦+૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૦+૨૪)વિદ્યાર્થીની સખ્યા ઘ્યાનમાં રાખવાની રહેશે.
- ગ્રાન્ટેડ લઘુમતિ શાળાએ આ માહિતી આપવાની રહેતી નથી.
- જે વિભાગમાં ખાલી જગ્યા હોય તેજ વિભાગની માહિતી આપવી.
- **શાળા ઘ્વારા જે તે વિષયની ખાલી દર્શાવવામાં આવેલ હોય અને તે જગ્યા પર ઉમેદવારોને ભલામણ પત્ર આપ્યા બાદ આ વિષયની શાળામાં જગ્યા નથી તેવી બાબત કોઇપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી.**

નોંધ :- **https://deosurat1.blogspot.com** આ લીક પરથી પત્રકો ડાઉનલોડ કરવા.

બિડાણ:- તમામ પત્રકો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા,સુરત

Scanned by CamScanner

## ચેક લીસ્ટ

| ક્રમ | વિગત | પાન નં |
|---|---|---|
| ૧ | મહેકમ માહિતી વિદ્યાર્થીની સંખ્યા સાથેનું (સામેલ પત્રક) | |
| ૨ | એન.ઓ.સી.પત્રક (સામેલ પત્રક) | |
| ૩ | મા.વિ.અ-બ-ક પત્રક | |
| ૪ | ઉ.મા.વિ.અ-બ-ક પત્રક | |
| ૫ | મા.વિ. ખાલી જગ્યાનું પત્રક | |
| ૬ | ઉ.મા.વિભાગ નું ખાલી જગ્યાનુંપત્રક | |
| ૭ | ખાલી જગ્યાનો આધાર | |

ચેક લીસ્ટ ફાઇલની ડાબી બાજુના પુઠા ઉપર લગાડવું

પત્રક ની સીટ અલગ સામેલ છે.

Scanned by CamScanner